


પ્રકૃતિનું પ્રતિબિંબ - પુનિતવનમાં આજકાલ નવસર્જનની કામગીરી ચાલે છે... નવા-નવા પ્રકલ્પો સાથે પ્રકૃતિને વધુ લોકભોગ્ય બનાવવાના હેતુસર રિનોવેશન ચાલી રહ્યું છે... પુનિતવન સ્થિત પોન્ડના રિડેવલપમેન્ટ દરમિયાન લેવાયેલી આ તસવીર રળિયામણી છે... પ્રકૃતિનો વૈભવ ઝીલતા પ્રતિબિંબો મનને આકર્ષિત કરે છે... અને ખાસ કરીને પાણીમાં પડતા પ્રતિબિંબો કેમેરામાં કેદ થાય ત્યારે એનો અનોખો નિખાર ઉઘડે છે...

# રાજકીય અને વહીવટી તૈયારી જોતા નિર્ધારિત સમય પહેલા ગુજરાતમાં ચૂંટણી યોજાઈ શકે છે

ગાંધીનગર, તા. ૯

ભલે કહેવાતુ હોય કે ગુજરાતમાં ચૂંટણી ડિસેમ્બરમાં યોજાશે. નિર્ધારીત સમયે જ યોજાશે એવુ ગાઈ વગાડીને કહેવાતુ હોય તેમ છતાં ચૂંટણી વહેલી આવી શકે છે. દસમી માર્ચે પાંચ રાજયના પરિણામ પર ગુજરાતની ચૂંટણીનો મદાર છે. જો પાંચેય રાજયોમાં ભાજપનો જવલંત વિજય થાય તો ચૂંટણી સો ટકા નિયત સમયે જ યોજાશે પરંતુ પાંચ રાજયોના પરિણામો જો ભાજપને ચિંતાજનક લાગે તો ગુજરાતમાં ચૂંટણી મે મહિનામાં જ આવશે અને અત્યારે ગુજરાતમાં ભાજપના સંગઠન સ્તરે તથા સરકાર પક્ષે ચૂંટણીલક્ષી તૈયારીઓ તડામાર ચાલી રહી છે અથવા બીજા વિકલ્પ માટે ગુજરાત સરકાર અને પ્રદેશ ભાજપ તૈયાર હોવાનુ કહેવાય છે.

ભાજપના પ્રદેશ સંગઠનનમાં નિમણૂંકોનો દોર તાલુકાકક્ષા સુધી પૂર્ણ કરાયો છે. તમામ સેલ અને મોરચાની બધી નિમણૂંકો પણ થઈ ગઈ છે. બોર્ડ-નિગમના ચેરમેનોના રાજીનામા લેવાઈ ગયા છે અને એકી સાથે તમામ બોર્ડ-નિગમોના નિમણૂંકોની જાહેરાત એકાદ પખવાડિયામાં જ કરવાની કવાયત પૂરજોશમાં ચાલી રહી છે. જેને જેને વિધાનસભાની ટીકીટ આપવાની નથી તેમને પહેલેથી જ ચેરમેન પદ આપી રીસાતા પહેલાં જ મનાવી લેવાના છે. આ ઉપરાંત જિલ્લા સંમેલનો-પ્રભારીઓની બેઠક તથા તમામ સમિતિઓની સક્રિયતા જોતા ચૂંટણીના પડધમ વાગી રહ્યા છે.

રાજ્ય સરકાર સ્તરે પણ બદલીઓનો દોર છેલ્લા એક મહિનાથી વ્યાપક રીતે ચાલી રહ્યો છે. તમામ વિભાગમાં વર્ગ-૧ અને વર્ગ-૨ ના મોટા ભાગના અધિકારીઓ બદલાઈ ચૂક્યા છે. ધારાસભ્યો અને કાર્યકરો સૌને સંતોષ આપવા ભલામણોનો દોર થઈ રહ્યો છે. સનદી અધિકારીઓ અને પોલીસ અધિકારીઓમાં પણ ભાજપને મદદરૂપ થાય તેમને નિમવામાં આવી રહ્યા છે. સાથોસાથ તમામ વિભાગોની નીતિઓ અને નીતિ વિષયક બાબતો ફટાફટ ઘડવાના આદેશો છૂટી ચૂકયા છે. સરકારની સિદ્ધિઓ અને પ્રજાના પ્રતિભાવો એકત્ર કરવા માટે તંત્રના વિભાગોને કામે લગાડવામાં આવ્યા છે. જિલ્લા અને તાલુકાકક્ષાએ પણ વહીવટીતંત્રને વધુ પ્રજાભિમુખ બનવા સૂચનાઓનો કડક અમલ થઈ રહ્યો છે. મુખ્યમંત્રી અને મંત્રીઓનો વ્યાપક પ્રવાસ પણ ચૂંટણીના આગમનના સંકેતો આપે છે.

રાજકીય રીતે વિરોધ પક્ષો વધુ મજબૂત બને એ પહેલા લાભ લઈ લેવાનો રાજકીય દાવ પણ ભાજપ ખેલે તો કંઈ આશ્ચર્યજનક ન કહેવાય. આમ આદમી પાર્ટીને વેરવિખેર કરવામાં કોઈ કચાશ રખાઈ નથી. ભલે જરૂર હોય કે ન હોય પરંતુ રાજકીય સંદેશ આપવાના હેતુસર માંડ માંડ ઉભી થતી આમ આદમી પાર્ટી નબળી સ્થિતિમાં મુકાઈ ગઈ છે જ્યારે કોંગ્રેસ માટે તો ત્રણ સાંધો ને તેર તુટે એવો ખેલ હજુ પણ ચાલે છે. ભલે પ્રદેશ પ્રમુખ સંગઠનના માહિર હોય, આક્રમક હોય પરંતુ હજુ સંગઠનના ચોકઠા ગોઠવતા નથી. એમ કહી શકાય કે કોંગ્રેસ હજુ પણ જમાવટ કરવામાં મોડી પડી રહી છે. ભલે શંકરસિંહ વાઘેલા કે કલ્પેશ કથિરીયા કે

● અનુસંધાન પાન-૭ પર

### શહેરમાં સે-૩ ન્યુના કોર્નર પાસે

# ગાંડા બાવળના વૃક્ષો દુર કરી ૮૦૦ નવા રોપાઓની વાવણી કરાશે

**એક હેકટર જગ્યાની સફાઇ કરી ફેન્સીંગ પણ કરી દેવાશે : વરસાદી દિવસોમાં વાવેતર કરવા માટે ખાડા ખોદી જગ્યા તૈયાર કરવા વનતંત્રએ કામ હાથ ધર્યુ**

ગાંધીનગર તા ૯

શહેરના સે- ૩ ન્યુ થી ઘ-૦ ના કોર્નર નજીક સ્થિત એક હેકટર જગ્યામાં વનતંત્ર દ્વારા ૮૦૦ જેટલા રોપાઓનુ વાવેતર કરી સુશોભન કરવામાં આવશે. આ વિસ્તારમાંથી ગાંડા બાવળો દુર કરી વિશાળ જગ્યામાં આગામી ચોમાસા દરમિયાન રોપાઓની વાવણી કરાશે. હાલ બાવળના વૃક્ષો દુર કરી જગ્યાની સફાઈ કરવામાં આવશે. રોપાઓની જાળવણી માટે આ ઠેકાણે ફેન્સીંગ પણ કરી દેવાશે.

વરસાદી દિવસોમાં પ્રતિવર્ષ વનતંત્ર દ્વારા સેકટરોમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. આગામી ચોમાસાને ધ્યાનમાં રાખી વનતંત્ર દ્વારા સેકટરોમાં ખાલી જગ્યાનો સર્વે હાથ ધરી ૭ હજારથી વધુ રોપાઓની વાવણી કરવાનુ આયોજન કરાયુ છે. જયારે શહેરના નવા વિસ્તારમાં ગાંડા બાવળના વૃક્ષોનુ પ્રમાણ પણ વધુ છે. અગાઉ સે-૩ ના કોર્નર પાસેથી ગાંડા બાવળના વૃક્ષોની કટોતી કરી તંત્રએ સફાઈ હાથ ધરી હતી. હરિયાળી માટે નુકશાનકારક પુરવાર થતા બાવળના વૃક્ષો તબક્કવાર દુર કરી વનતંત્ર દ્વારા અન્ય પ્રકારના રોપાઓની પણ વાવણી કરવામાં આવે છે. જેને અનુલક્ષી આગામી ચોમાસા દરમિયાન સે-૩ ન્યુ ના કોર્નર પાસે નવા રોપાઓની વાવણી કરાશે. સે-૩ ન્યુ થી ઘ-૦ તરફ જવાના માર્ગમાં સ્થિત જગ્યામાં હાલ બાવળના વૃક્ષો ઉગી નિકળ્યા છે. જયારે આ વૃક્ષો દુર કરીને નવા રોપાઓનુ વાવેતર કરાશે. આ માટે વનતંત્ર દ્વારા આ વિસ્તારમાં સફાઈ કામ હાથ ધરવામાં આવશે. બાવળના વૃક્ષો દુર કરી નવા રોપાઓની વાવણી માટે ખાડાઓ ખોદવામાં આવશે જયારે સફાઈના અંતે ફેન્સીંગ પણ કરી દેવાશે. આ એક હેકટર જગ્યામાં હરિયાળી નિખરે તેમજ રંગબેરંગી સુસોભન પણ થાય તેવા આશયથી અવનવા પ્રકારના રોપાઓની વાવણી કરાશે. આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને વનતંત્ર દ્વારા અત્યારથી જ શહેરમાં ખાડાઓ ખોદવામાં આવી રહ્યા છે. વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવા માટે તંત્રએ સેકટરોમાં માર્ગની એકબાજુની ખુલ્લી જગ્યામાં પણ નવુ વાવેતર કરવા માટે આયોજન કર્યુ છે હાલની સ્થિતિએ વન આરક્ષિત વિસ્તારમાં ઠેર ઠેર ફેન્સીંગ તુટેલી હાલતમાં જોવા મળી રહી છે.

# સરકારી મિલ્કતોનો ૩૩ કરોડનો મિલ્કતવેરો વસુલવાનો બાકી છે

**૧૬ કરોડ રૂ. નવા-જુના સચિવાલયના બાકી છે તો ૧૩ કરોડ સરકારી આવાસોના બાકી બોલે છે**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં સરકારી આવાસોના મિલ્કતવેરાની રૂ. ૧૫ કરોડથી વધુ રકમ બાકી છે. જ્યારે સચિવાલયમાં આવેલ હેલિપેડની રૂ. ૪ કરોડની વસુલાત બાકી છે.

શહેરમાં સરકારની વિવિધ કચેરીઓ પાસેથી મિલ્કતવેરાની રૂ. ૩૩ કરોડથી વધુની વસુલી બાકી છે. જેમાં નવા સચિવાલય સંકુલના રૂ. ૧૨ કરોડનો પણ સમાવેશ થાય છે. તેમજ ૩ કરોડ જીવરાજ મહેતાનો વેરો બાકી છે.

મંત્રીમંડળના સભ્યોના નિવાસસ્થાનનો મિલ્કતવેરો પણ બાકી છે. આ વેરાની વસુલાત માટે તંત્ર અને મનપા વચ્ચે વાતચીતોનો દોર ચાલુ છે. આ વસુલાત ઝડપથી થાય તે માટે સરકારે પણ ખુલ્લામને તેનો સ્વીકાર કરી અને ઝડપથી આ વેરાની ચુકવણી કરવાની તૈયારી બતાવી હોવાનું જાણવા મળેલ છે.

મનપામાં આવકનો મુખ્ય સ્રોત મિલ્કતવેરાની આવક છે. જો કે ચાલુ નાણાંકીય વર્ષમાં વિક્રમી વસુલી થઈ છે. નવા વર્ષે રૂ. ૫૩ કરોડની આવકનો અંદાજ મનપાએ તેના બજેટમાં સૂચવ્યો છે.

મનપાએ આવકના સ્રોતો વધે તે દિશામાં વ્યવસાય વેરો, વાહન વેરો વધાર્યો નથી પણ નવા વ્યવસાયકારોને શોધવા પર ભાર મુક્યો છે એટલુ જ નહિ વાહનવેરાની આવકમાં પણ વધારો થશે તેવા અંદાજો રાખ્યા છે.

# શહેરમાં જુદી જદી કક્ષાના અંદાજિત ૭ હજાર મકાનોમાં કર્મચારીઓનો વસવાટ

**રહેણાંકને લાયક મકાનોના અભાવે આવાસોના રીનોવેશનનુ કામ કરવાનુ મુશ્કેલ : જુના આવાસો જોખમી બનતા જાય છે : નવા આવાસો માટે પણ સાઇટ નક્કી થતી નથી : તંત્ર માટે મોટો શિરદર્દ**

ગાંધીનગર તા ૯

ગાંધીનગર શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો સાડા ચાર દાયકાના અંતે જર્જિરત અને જોખમી હાલતમાં જોવા મળી રહ્યા છે. શહેરમાં સ્થિત આવાસો પૈકી અંદાજિત ૪૫૦૦ જેટલા મકાનો જોખમી છે. જયારે અન્ય આવાસોને પણ રહેણાંકને લાયક બનાવવા માટે મજબુતીકરણ અનિવાર્ય છે. શહેરમાં હાલ એકબાજુ નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. પરંતુ હજુ પણ નવા મકાનો બાંધવાની જાહેરાતના અંતે હજુ સુધી સાઈટ આખરી ન થતા નવા આવાસો બાંધવાની કાર્યયોજના હજુ આગળ વધી શકી નથી. આ સ્થિતિ વચ્ચે માર્ગ મકાન વિભાગના ચોપડે પણ આવાસ ઈચ્છુક કર્મચારીઓની યાદી મોટી થતી જાય છે. બીજીતરફ આવાસોના રીનોવેશનની યોજના સંદર્ભે કામ થઈ શકતુ નથી હાલની સ્થિતિએ શહેરમાં વિવિધ કેટેગરીના અંદાજિત ૭ હજાર જેટલા સરકારી મકાનોમાં કર્મચારીઓનો વસવાટ છે. જયારે આ પૈકી ઘણાં ખરા મકાનોનુ મજબુતીકરણ કરવાની અનિવાર્યતા છે. પરંતુ હાલની સ્થિતિ મુજબ વિભાગ હસ્તક આ આવાસમાં વસવાટ કરતા પરિવારોને વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે ફાળવવા માટે પણ આવાસ નથી જેના લીધે રહેણાંક ધરાવતા મકાનોને ખાલી કરાવાનુ મુશ્કેલ છે .જેથી મકાનોનુ મજબુતીકરણ પણ થઈ શકતુ નથી. શહેરમાં છેલ્લા ઘણાં સમયથી આવાસોના રીનોવેશન માટે ઝડપથી વિભાગ કક્ષાએથી કામને મંજુરી પણ આપવામા આવતી નથી આ સ્થિતિ વચ્ચે એક બ્લોકમાં કેટલાક મકાનો ભયજનક હોવાની સાથે અન્ય મજબુત આવાસોનો પણ કડુસલો કરવાની નિતી અપનાવાઈ છે. શહેરમાં હાલ રહેણાંકને લાયક મકાનો નથી ત્યારે આવાસો ફાળવવાનુ તેમજ રીનોવેશનની કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ છે. ત્યારે નવા આવાસો ઝડપથી નિર્માણ કરવામાં આવે તેવી લાગણી

● અનુસંધાન પાન-૭ પર

# ન્યુ ગાંધીનગરમાં નર્મદાનુ પાણી પહોંચતુ કરવા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન તૈયાર કરાશે

**ટી પી ૭ માં રહેણાંકના હેતુ માટે નિયત કરાયેલા પ્લોટને હેતુફેર કરવા પ્રક્રીયા હાથ ધરાઇ**

ગાંધીનગર તા ૯

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ન્યુ ગાંધીનગર વિસ્તારમાં નર્મદાનુ પાણી ઘરે ઘરે પહોંચડવા માટે ટી પી સ્કીમ નં - ૭ માં વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન તેમજ અન્ડર ગ્રાઉન્ડ સંપ બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ પ્લોટ રહેણાકના વેચાણ હેતુ માટે નિયત કરાયો હોવાથી ગુડાએ હવે તેના હેતુફેર માટેની પ્રક્રીયા હાથ ધરી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ન્યુ ગાંધીનગર વિસ્તારમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવા માટે પાણીનો સંપ બનાવવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન અને સમ્પ બનાવાવા માટે ટી પી નં-૭ની પસંદગી કરવામાં આવી હતી. પરંતુ હાલ આ મામલે કામગીરી આગળ વધી શકી નથી ગુડા દ્વારા આ પ્લોટ રહેણાંકને હેતુથી વેચાણ માટે નિયત કરાયો હતો. જયારે હવે સમ્પ બનાવાની યોજનાને અનુલક્ષી હાલ આ પ્લોટને હેતુફેર કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. ગુડાના સુત્રોના જણાંવ્યા મુજબ હેતુફેર માટેનો નિર્ણય થવાથી વોર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર અને સમ્પની યોજના વધુ ઝડપથી આગળ વધારી શકાશે. ન્યુ ગાંધીનગરના વિસ્તારમાં વિકાસની પ્રક્રીયા તેજ બની છે. કુડાસણ, સરગાસણ, રાયસણ, વાસણા હડમતિયા, કોબા સહીતના વિસ્તારમાં વિકાસના કામો ઝડપથી હાથ ધરવામાં આવી રહ્યા છે. જયારે વિકાસની સાથે આ વિસ્તારમાં વસતીનુ પ્રમાણ પણ વધ્યુ છે.

જયારે ગુડા વિસ્તારમાં ઘરે ઘરે પાણી સપ્લાય કરવા માટે વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર બનાવાની પણ અનિવાર્યતા છે. સરગાસણ ,કુડાસણ અને પોર વિસ્તારને સાંકળતી ટી પી સ્કીમ નં -૭ના વિસ્તારમાં ગુડાને મળતી કપાતની જમીન પૈકી ના પ્લોટ નં -૮૪ માં વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર તેમજ અન્ડર ગ્રાઉન્ડ સંપ બનાવાશે. પરંતુ આ પ્લોટનો હેતુ રહેણાંક માટેનો નિયત કરાયો હતો. જયારે હવે તેમાં સમ્પનુ નિર્માણ કરવુ હોય તો સામાજિક માળખાકીય સુવિધાના હેતુમાં ફેરબદલ કરવાનુ અનિવાર્ય બન્યુ છે. જયારે ગુડાની અગાઉ મળેલી બોર્ડ બેઠકમાં પણ આ મામલે નિર્ણય લેવાયો હતો જેના અંતે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેના અંતે સ્ટેશન અને સમ્પનુ નેટવર્ક ઉભુ કરવા માટે ગતિવિધિઓ હાથ ધરાશે.

### કોરોનાકાળમાં જિલ્લાના ૫૦ શિક્ષકોએ

# નવતર પ્રયોગો કરી બાળકોમાં શિક્ષણની અભિરૂચિ વધારી

**ઉમ્મીદો કી ઉડાન, ચાલો અંતર અજવાળીયે, સંગીત સાથે ગણિત શીખીએ, એક લાખ સરગવાના છોડ ઉછેરી વિતરણ કરવાના સંકલ્પ સાથે સરગવામાંથી ચોકલેટ, ચ્યવનપ્રાસ અને જ્યુસ તેમજ મુખવાસના નવતર અભિગમો રજુ થયા : ડાયટના પ્રાંગણમાં ઈનોવેશન ફેરમાં શિક્ષકોએ તેમના નવતર પ્રયોગો રજુ કરી સૌને આકર્ષ્યા**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં શિક્ષકોનો એક અનોખો મેળો ''ડાયટ''ના કેમ્પસમાં યોજાઈ ગયો. ૮ અને ૯ ફેબ્રુઆરીના રોજ યોજાયેલ આ મેળામાં જિલ્લાના ૫૦ શિક્ષકોએ ઈનોવેશનલ કામગીરી જે કરી છે તે વિશે પરિણામો સહિતની વાતો જિલ્લાના અન્ય શિક્ષકોને કરી હતી.

''શિક્ષક કભી સામાન્ય નહિ હોતા ઉસકી ગોંદ મે નિર્માણ ઔર પ્રલય સાથમેં ખેલતે હૈ'' ની આ ઉક્તિને અહિ સાર્થક થતી જોવાની મજા અનેરી હતી.

કોરોનાકાળમાં બાળકોમાં નેગેટીવીટી ના આવે તે માટે વાંચે ગામડુ નામનો ઈનોવેશનલ પ્રોગ્રામ કલોલના બિલેશ્વરપુરાની શિક્ષિકા મિતલ પંડ્યાએ હાથ ધર્યો અને તેમના પે સેન્ટરની પાંચ શાળાઓએ પણ અપનાવ્યો. આ પ્રોજેક્ટમાં ૫૦૦થી વધુ પુસ્તકો બાળકોને વાંચન માટે ભેટ સ્વરૂપે પણ મળ્યાનું તેમણે કહ્યુ હતુ.





અલુવાના માયાબેન રાઠોડે બાળકો માટે હેલ્થ ડાયરી બનાવી બાળકો કુપોષણથી મુક્ત રહે તે માટે તેમને નિયમિત તેમનું વજન કરવા સહિતનો અનોખો પ્રયોગ કર્યો છે.

લક્ષ્મીપુરા પ્રા. શાળાના મેહુલકુમાર સુથારે ફી વગરની ખાનગી શાળા એટલે વિદ્યામંદિર શાળા નામક પ્રોજેક્ટ બનાવી તેનો અમલ કર્યો અને સારા પરિણામો મળ્યા તેવુ તેમનું કહેવુ છે. સરકારી શાળામાં બાળકોની હાજરી વધી એટલુ જ નહિ તેમનામાં અભ્યાસની રૂચિ પણ વધી.

રામાજીના છાપરા તા. દહેગામના ધર્મેશભાઈ ગજ્જરે આનંદદાયી શનિવારનો નવતર અભિગમ અપનાવી શાળા શિક્ષણ માટે બાળકોને ઉત્સાહિત કર્યા એટલુ જ નહિ બાળકોમાં વાંચનની અભિરૂચિ વધી.

પ્હાડભાઈની મુવાડી પ્રા. શાળા તા. દહેગામે તો બાળ મેળો ઘર આંગણે નો નવતર પ્રયોગ કોરોનાકાળમાં કરી બાળકોનો શેરી શિક્ષણ અને શાળા પ્રત્યેના અભિગમમાં વૃદ્ધિ કરનારો સાબિત થયો છે. વડવાસા પ્રા. શાળાના ગીરાબેન પરમારે ઈન્દ્રિયો દ્વારા અધ્યયનની નવી પદ્ધતિને સુંદર રીતે અમલમાં મુકવામાં સફળતા મેળવી છે.

ગાંધીનગર તાલુકાના કાનપુર પ્રા. શાળાના ભાવનાબેન વાઘેલાએ ફુરસદના સમયમનો ઉપયોગ કરવાનો નવતર અભિગમ અપનાવી બાળકોને તેમને રમવાના કામમાં આવે તેવા રમકડા બનાવી આર્થિક પગભર કેવી રીતે થવાય તે શિખવાડ્યુ હતુ. બાળકોએ પોપટ, ખિસકોલી, વાંદરો, કાચબો, ચકલીના મહોરા બનાવતા શિખવ્યુ.

પ્રભુપુરા પ્રા. શાળાના શિક્ષક જયેશભાઈ પ્રજાપતિએ બાળકો માટે પ્રાયમરી ઓપન બુક ગેમ બનાવી ગણિત-વિજ્ઞાન વિષયોમાં બાળકોની અભિરૂચિ વધે તેવો નવતર પ્રયોગ કર્યો અને સારા પરિણામ મેળવ્યા.

ટિંટોડા પ્રા. શાળાના મુકેશભાઈ પટેલે સંગીત સાથે ગણિત શીખીએ નો નવતર અભિગમ અપનાવી સારા પરિણામો મેળવ્યાની વાત કહી હતી.

પેથાપુર કુમાર શાળા નં. ૨ ના અવનીબેન મહેતાએ શબ્દ સૌરભનો પ્રોજેક્ટ અમલી બાળકોમાં અંગ્રેજી ભાષાનો ડર દૂર કરવા સાથે અંગ્રેજી ભાષાનું શબ્દ ભંડોળ બાળક પાસે વધે તેવો નવતર અભિગમ અપનાવ્યો અને સારા પરિણામ મેળવ્યા છે.

માણસા તાલુકાની ગલથરા પ્રા. શાળાના અંકિતાબેન વ્યાસે પ્રાથમિક શિક્ષણ પછી માધ્યમિક શિક્ષણથી દૂર રહેતી બાળાઓને સ્વનિર્ભર બનાવવા હોમ ડેકોરેશનનો નવતર પ્રયોગ કરી ૨૦ થી વધુ દિકરીઓને સ્વનિર્ભર બનાવી છે.

મોટી મોરાલી પ્રા. શાળા તા. દહેગામના તૃપ્તિબેન વ્યાસે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શૈક્ષણિક એ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનો નવતર અભિગમ અપનાવ્યો અને સારા પરિણામો મેળવ્યાનો તેમણે કહ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

## સાતમી વાર્ષિક પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. ઈન્દીરા આર. શાહ**

સ્વર્ગવાસ તા. ૧૦/૨/૨૦૧૫

તમારા મિલનસાર સ્વભાવ તથા હસતા ચહેરાને લીધે, જીવન છોડી ગયા છતાં જીવતા હોવાનો ભાસ છે. જીવન એવું જીવી ગયા કે ક્યારેય ભૂલાય નહીં. અમારા જીવનમાં જે સુંદર છે તે બધુ તમારા પ્રતાપે છે.

**પરમાત્મા આપના આત્માને સદાય શાંતિ આપે એ જ પ્રાર્થના...**

**રમણભાઈ એચ. શાહ પરિવાર**

૪૫, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર

## શ્રદ્ધાંજલિ



**સ્વ. વિરેન રમેશભાઈ પ્રજાપતિ**

(ભાણાભાઈ - ગાયક કલાકાર)

સ્વ. તા. ૫-૨-૨૦૨૨

આંખો હજુ નિહાળે છે તને
અંતર હજુ પોકારી છે તને
સ્મરણ તારું આવે છે અમને
તે મન મૂકી ને રડાવી જાય છે અમને
અંજલી અર્પતા હૈયુ તૂટે છે
શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે

**પ્રભુ તારા દિવગંત આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના**

રતનસિંહ વાઘેલા
(લોકગાયક- પેથાપુર)
વિનોદ કુમાર અમરત લાલ સોની
ઉત્તમ કુમાર અમરતલાલ સોની
સંદીપ શાહ ઉજવલ વ્યાસ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com